# મોડાસામાં જીઆઈડીસી નજીક અજાણ્યા ટ્રકની અડફેટે બાઈકસવાર બે યુવકોના મોત

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા.૧૬

અરવલ્લી જિલ્લામાં દિન પ્રતીદીન અકસ્માતોની સંખ્યામાં વધારો થતો જાય છે. પોલીસ ધ્વારા ટ્રાફીક સપ્તાહ ઉજવી લોકોમાં ટ્રાફીકના નીયમો અંગે અવરનેશ લાવવામાં આવે છે છતાં પણ કેટલાક વાહનોના ડ્રાઈવરોની ગફલતના લીધે અકસ્માત અવાર નવાર સર્જાતા હોય છે.

આજે સવારે ૯ વાગ્યાના સુમારે મોડાસા જીઆઈડીસી આગળ રાજલી ગામેથી સેન્ટીગના કામે જતા બાઈકસવાર ત્રણ યુવાનોને અજાણ્યા ટ્રકે ટકકર મારતાં બાઈક પર સવાર બે યુવકોનુ ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજયુ હતુ. ત્યારે આ અકસ્માત એટલો બધો ભયાનક હતો કે ઘટના સ્થળ પર યુવકોની લાશના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. જયારે એક યુવાન ગંભીર રીતે ઘાયલ થતા તેને મોડાસાની સાર્વજનીક હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અકસ્માતની જાણ થતાં જ મોડાસા ટાઉન પીઆઈ કે. જે. ચૌધરી તેમની ટીમ સાથે ઘટના સ્થળ ઉપર પહોચી ગયા હતા અને સ્થળ ઉપર જઈ લાશ ને રોડ ઉપર થી ખસેડવાની કામગીર હાથ ધરી હતી ત્યારે ઘાયલ યુવકને સારવાર અર્થે સાર્વજનીક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે મોડાસા પોલીસે અજાણ્યા ટ્રક વિરૂધ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં મરણ જનારમાં બળવંતસિંહ (૧૯ વર્ષ) દિલીપસીંહ (૨૨ વર્ષ)નુ મોત નીપજયુ હતુ. જયારે અશોકભાઈને સારવાર અર્થે અમદાવાદની સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર યથાવત

## આજે જીલ્લામાં વધુ ૪ કેસ પોઝેટીવ નોધાયા : કુલ આંક ૧૭ પર પહોચ્યો

## મોડાસામાં ૨, બાયડ તાલુકામાં ૧ અને માલપુર તાલુકામાં ૧ કેસ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૧૬

સ્વાઈનફલુ નામના રોગથી અત્યારે ગુજરાતની પ્રજા થરથર કાપી રહી છે ત્યારે આ રોગ થમવાની જગ્યાએ દિવસે ને દિવસે આ રોગના દર્દીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. જયારે આ રોગને લઈને દિવસેને દિવસે મૃત્યુઆંક પણ વધતો જાય છે. સમગ્ર ગુજરાત રાજયમાં આ રોગના પગલે આરોગ્ય વિભાગ રજાના દિવસે પણ કામગીરીમાં જોતારેયેલુ છે. ત્યારે આ રોગ થમવાનુ નામ જ નથી લેતો ત્યારે અરવલ્લી જીલ્લામાં પણ આ રોગના સકંજામાં આવવામાંથી બાકાત નથી રહયો. આ રોગે અરવલ્લી જીલ્લાને પણ ભરડામાં લીધો છે. અત્યાર સુધીમાં અરવલ્લી જીલ્લામાં આ રોગના સકંજામાં કુલ ૧૩ વ્યકતિઓ આવી હતી. પરંતુ આજે ૪ કેસ નોધાતા અરવલ્લી જીલ્લામાં આ રોગના દર્દીઓની સંખ્યા વધીને ૧૭ પર આંક પહોચ્યો છે ત્યારે આ રોગને લઈને અત્યાર સુધીમાં મૃત્યુઆંક ત્રણ ઉપર પહોચ્યો છે.



ત્યારે આજે અરવલ્લી જીલ્લાના મોડાસામાંથી બે જેટલા પોઝેટીવ કેસો મળી આવ્યા હતા. જયારે બાયડ તાલુકામાંથી ૧ કેસ અને માલપુર તાલુકામાંથી ૧ કેસ મળી આવ્યો હતો. દિન પ્રતીદીન આ રોગ વધતો જાય છે ત્યારે આ રોગને લઈને અરવલ્લી જિલ્લાની પ્રજામાં ભયનો માહોલ સર્જાયો છે ત્યારે આ ભયાનક રોગને પગલે વાલીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. હાલ વાલીઓ ધ્વારા પોતાના બાળકને પણ સ્કુલમાં મોકલવાનુ ટાળવા માં આવે છે ત્યારે આ રોગને લઈને હાલ ખાનગી હોસ્પીટલોના ડોકટરોને ઘી કેળા થઈ ગયા છે. હાલ દવાખાનાઓ આ રોગની બીકે દર્દીઓથી ઉભરાઈ રહયા છે ત્યારે ડોકટરો ધ્વારા તગડી ફી વસુલવામાં આવતી હોવાની બુમ પણ ઉઠવા પામી છે.

# ડોર ટુ ડોર પત્રિકા વહેચી જિલ્લામાં ૨૪ લાખ ઘરોમાં સર્વે હાથ ધરાયો

સમગ્ર ગુજરાત રાજ્યામાં સ્વાઈન ફલુ નામના ભયાનક રોગે હાહાકાર મચાવ્યો છે અને દિવસે ને દીવસે આ રોગના સકંજામાં વધુ ને વધુ લોકો સપડાઈ રહયા છે જયારે આ રોગને લઈ દિવસે ને દિવસે મૃત્યુઆંક વધી રહયો છે ત્યારે આ રોગ પ્રત્યે લોકોમાં જાગૃતી લાવવા સરકારના ઉચ્ચ અધિકારીઓ ધ્વારા દરેક જીલ્લાઓમાં આરોગ્યના અધિકારીઓ સાથે બેઠકો યોજીને એકશન પ્લાન ઘડવામાં આવ્યો છે ત્યારે આ પ્લાનના અંર્તગત અરવલ્લી જીલ્લામાં આ રોગથી કઈ રીતે બચી શકાય તે માટે અરવલ્લી જીલ્લા સીડીએચઓ ડો. મનીષભાઈ ફેન્સી અને તેમની ટીમે એક અભિયાન ઉપાડયુ હોય તેમ અરવલ્લી જીલ્લામાં ૩ દિવસમાં ૨૪ લાખ જેટલા ઘરોમાં જઈને સર્વે હાથ ધરાયો હતો. જયારે



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



ડોર ટુ ડોર ૧૨ લાખ જેટલી પત્રીકાઓની પણ વહેચણી કરીને લોકોને આ રોગથી કઈ રીતે બચી શકાય તે માટે માહિતગાર કરવામાં આવ્યા હતા અને આ રોગથી બચવા માટે તકેદારી માટે કયા કયા પગલા ભરવા જોઈએ તે અંગે પણ લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. જયારે ગામડાઓમાં આ રોગને લગતા પોસ્ટરો લગાડવામાં આવ્યા હતા. જયારે તાલુકા મથકે હોડીગ્સ પણ લગાવાની કામગીર ચાલુ કરી દેવામાં આવી રહી છે. તંત્ર ધ્વારા આ રોગમાં વધારે લોકો ના સપડાય તે માટે તકેદારીના તમામ પગલા હાથ ધરવામાં આવી રહયા છે.

# ડીસા ભોયણ ગામે હાઈવે રોડ પર કારની ટક્કરે વૃદ્ધનું મોત

ડીસા, તા. ૧૬

બનાસકાંઠાનાં ડીસામાં ગત મોદી રાત્રે એક કાર ચાલકે પોતાની કાર પુર ઝડપે હંકારી, ગફલતભરી રીતે ડ્રાઈવિંગ કરી રાહ પર ચાલતા એક ૫૮ વર્ષીય નિવૃત તલાટી ને ટક્કર મારી હતી,જેમાં ગંભીર રીતે ઘાયલ એવા આ વૃદ્ધ નું કરુણ મોત થયું હતું.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આ ઘટનાની વિગતો જોઈએ તો ડીસાનાં ભોયન ગામે રહેતા કાન્તીભાઈ તુવર ઉમર વર્ષ ૫૮- રવિવાર ની મોડી રાત્રે હાઈવે રોડ થી પોતાના ઘર તરફ જી રહ્યા હતા,જોકે તેવાજ સમયે યમદૂત બની આવેલી એક કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારતા તેઓ હવામાં અથડાયા હતા જેમાં તેમને માથા નાં ભાગે ગંભીર ઈજા થતા તેમને ડીસા ની સરકારી હોસ્પિટલ માં ખસેડ્યા હતા જયાં ફરજ પરના તબીબ ડો, આકેદીવાલા એ તેમની સારવાર હાથ ધરી હતી, જોકે ગંભીર ઈજાઓ એ ઘાયલ કાન્તીભાઈ તુવર ઉમર વર્ષ ૫૮- રહે -ભોયન - તાલુકો ડીસા નું સારવાર દરમ્યાન કરુણ મોત થયું હતું ,જયારે બીજી તરફ અકસ્માત કરી ભાગી છુટેલા ચાલક ની કાર ના કાચ લોકો એ તોડી નાખ્યા હતા જે બાદ આ મામલે ડીસા તાલુકા પોલીસે ભાગેડુ કાર ચાલક વિરુદ્ધ ગુનો નોધી તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક તલાટી ની નોકરી માં થી એક માસ અગાઉ જ વયનિવૃત થયા હતા ,જેથી તેમના અકાળે અવસાન થી તેમના પરિવારજનો અને ડીસા પંથક માં શોક ની લાગણી છવાઈ હતી.

# આજે મહાશિવરાત્રીએ જિલ્લાના શિવાલયોમાં 'બમ બમ ભોલે'નો નાદ ગૂંજશે

હિંમતનગર, તા. ૧૬

જીવને શિવ સાથે જોડવાનું ભોળાનાથને રિઝવવાનું મહાપર્વ એટલે મહાશિવરાત્રીની સાબરકાંઠા જિલ્લાના શિવાલયોમાં શ્રધ્ધા, ઉમંગભેર ઉજવણી કરવા તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. જિલ્લાના કેટલાક મહત્વના શિવમંદિરોમાં નાના-મોટા મેળા સાથે ચાર -હરની પૂજા, ભજન-કિર્તન અને સત્સંગ કાર્યક્રમનું આયોજન કરાયુ છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, -ાંતિજ તેમજ અરવલ્લી જિલ્લાના ભિલોડાના નવાભવનાથ મહાદેવ સહતના -ાચીન શિવ મંદિરો રોશનીના ઝળહળાટ સાથે શિવરાત્રીની ઉજવણી માટે શોભી ઉઠયા છે.

જિલ્લાના હિંમતનગર ખાતેના હાથમતી નદી કિનારે આવેલા -ાચીન ભોલેશ્વર, ઝરણેશ્વર, કાશીવિશ્વનાથ, રામેશ્વર, વકતાપુરના રોકડીયા હનુમાનજી મંદિર, બેરણામાં કંટાળેશ્વર સહિતના મંદિરોમાં મહાશિવરાત્રીની ઉજવણી માટે તડામાર તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. તેવી જ રીતે ઈડરના મહંકાલેશ્વર, કણ્વનાથ મહાદેવના મંદિરમાં પણ શિવરાત્રી પર્વની ઉજવણી માટે શિવભકતો કટિબધ્ધ બન્યા છે.ખેડબ્રહ્મા પંથકના શિવ મંદિરોમાં મહાશિવરાત્રીના પર્વ -સંગે મંદિરોની શણગારી ચાર -હરની પૂજા સાથે યજ્ઞની તૈયારીઓ કરવામાં આવી છે. ખેડબ્રહ્માના પક્ષેન્દ્રનાથ મહાદેવ, સોમનાથ મહાદેવ, ભૃગુઋષિ મહાદેવ, મટોડાના મોટનેશ્વર મહાદેવ તેમજ વરતોલ ખાતેના શિવ મંદિરોમાં મહાશિવરાત્રીની ઉજવણી માટે તૈયારીઓ પરિપૂર્ણ થઈ છે. ખેડબ્રહ્માના બ્રહ્માકુમારી સેન્ટર ખાતે પણ શિવરાત્રી પર્વ ઉજવવામાં આવનાર છે. જયાં ભકતોના દર્શન માટે બરફનું શિવલીગ તેમજ ચિત્રો અને મૂર્તિ મ્યુઝીયમ સાથે સત્સંગ કાર્યક્રમનું આયોજન કરાયાનું જયોતિબેને જણાવ્યુ હતું.વિજયનગર તાલુકાના ૧૫ અને ૧૬?? સદીના -ાચીન શિવ મંદિર શારણેશ્વર અને વિરેશ્વર ખાતે મહાશિવરાત્રીની શ્રધ્ધાભેર ઉજવણી થનાર છે ત્યારે તેનો લાભ લેવા માટે રાજસ્થાન, ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરના અન્ય વિસ્તારોમાંથી શિવભકતો દર્શનાર્થે ઉમટી પડશે.આ ઉપરાંત વડાલી, -ાંતિજના માર્કંડેશ્વર, ગલતેશ્વર તેમજ તલોદ તાલુકામાં પણ આવેલા શિવ મંદિરોમાં મહાશિવરાત્રીની ઉજવણી અર્થે શિવભકતો દ્વારા તડામાર તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. જેથી મહાશિવરાત્રીના પર્વે જિલ્લાના શિવાલયો બમ બમ ભોલે અને ઓમ નમઃ શિવાયના નાદ અને શિવભકિતથી ગૂંજી ઉઠશે.અરવલ્લી જીલ્લાના ભિલોડાના ઝુમસર છાપરા પાસે આવેલ નિલકંઠેશ્વર મહાદેવ મંદિરે મહંત રઘુવીરદાસજી નિરમોહી અખાડા દ્વારા શિવરાત્રીના પર્વની ઉજવણી કરવામાં આવનાર છે તથા પતલેશ્વર મહાદેવ, નવાભવનાથના શિવ મંદિરે શિવરાત્રીનો ઉત્સવ ઉજવાશે.

# પ્રાંતિજ સલાલ પાસે બાઈક અને એકટીવા વચ્ચે અકસ્માતમાં એક મહિલાનું મોત

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જીલ્લાના -ાંતિજ તાલુકાના સલાલ નજીક મોયદ-પીલુંન્દ્રા-સાપડ ત્રણ રસ્તે સોમવારે સાંજે અકસ્માત સર્જાતા બે ને ઈજાઓ થવા પામી હતી જયારે એક મહિલાનું મોત નીપજયું હતું આ અંગે સિવિલ ના તબીબે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

સલાલ પાસે નેશનલ હાઈવે નં-૮ પર આવેલ મોયદ-પીલુંન્દ્રા-સાપડ ત્રણ રસ્તે સોમવારે સાંજે ૪.વાગેના સુમારે બાઈક અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ જણા ને ગંભીર ઈજાઓ થવા પામી હતી જેમને તાત્કાલિક સારવાર માટે હ્માંતાગર સિવિલમાં ખસેડાયા હતા જયાં લાવેલ ત્રણ ઈજાગ્રસ્ત પૈકી પીલુંન્દ્રા ની ૪૨ વર્ષીય મહિલા ટીનાબેન વિનુભાઈ પરમારનું મોત નીપજેલ હતુ જે અંગે સિવિલના ફરજ પરના તબીબા ડૉ.હસમુખ રાઠોડે હિમતનગર બી-ડીવીઝન પોલીસ મથકે જાણ કરતા પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.



ભારતીય જનતા પાર્ટીમાં નવા સભ્યોને જોડવા સમગ્ર દેશમાં ઝુંબેશ ચાલી રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લા સહકારી સંઘના ચેરમેન અણદાભાઈ પટેલ, સંઘના કે.જી. ચૌધરી સહિતની ટીમ જાહેર માર્ગો પર ફરી જોઈન બી.જે.પી. કેમ્પમાં નવા સભ્યો નોંધણી કરાવી રહ્યા છે. (હરેશ જોષી, પાલનપુર)

# ગાંભોઈ નજીક બંધ ઓરડીમાંથી ૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના ગાંભોઈ નજીક રવિવારે સાંજે એક બંધ ઓરડીમાંથી રૂ એક લાખ થી વધુનો વિદેશી દારૂ જીલ્લા એલ.સી.બી.એ ઝડપી પાડ્યો હતો જે અંગે ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોધાઈ હતી.


આ અંગેની વિગત એવી છે કે ગાંભોઈ થી હિમતનગર તરફ આવતા કરણપુર નજીક એક ખેતરની બંધ ઓરડીમાં વિદેશી દારૂ હોવાની બાતમી જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ ને મળતા રવિવારે સાંજે ૬ વાગેના સુમારે ક્રાઈમ બ્રાંચ ના કૌશિકભાઈ વ્યાસ સહીત સ્ટાફે ઓરડી પર રેડ કરી હતી જે ઓરડીમાંથી વિદેશી દારૂ અને બીયર મળી કુલ ૫૭૭ નંગ કીમત રૂ ૧ લાખ ૪ હજાર ૬૦૦ નો મળી આવ્યો હતો જેથી તે કબજે લઈને ગાંભોઈ પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી.

# ભૂતિયા ગામમાંથી ત્રણ ભેંસોની ચોરી

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ભૂતિયા ગામેથી શુક્રવારે રાત્રીના સમયે કોઈ અજાણ્યા ઈસમો તબેલા માં બાંધેલી ભેસો ની ચોરી કરી લઈ જતા રવિવારે ઈડર પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે ભૂતિયા ગામે રહેતા દશરથભાઈ જેસિંગભાઈ પટેલ ના ગામમાં આવેલ તબેલામાંથી બાંધેલી નાગોરી ભેસો નંગ -૩ કીમત રૂ ૭૪ હજાર ની શુક્રવારની રાત્રી ના કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ ગયેલાનું માલુમ થતા રવિવારે દશરથભાઈ પટેલે ઈડર પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી.



ઈન્ડિયન મેડિકલ એસો. દ્વારા પાલનપુર સબજેલના કેદીઓ માટે હેલ્પ ચેક અપ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં ડૉ. સુરેન્દ્ર ગુપ્તા, ડૉ. સલીમ શેખ સહિતના તબીબો દ્વારા કેદીઓના આરોગ્યની ચકાસણી કરી હતી જેમાં મુખ્યત્વે ચામડી અને માનસિક રોગોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. ઉપરાંત કેમ્પમાં દર્દીઓને જરૂરી દવા અને સારવાર આપવામાં આવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦